તારીખ ૧૫-૧૧-૨૦૨૫ શનિવાર

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## ગુજરાતમાં PM મોદીની એક દિવસીય મુલાકાત, પ્રોજેક્ટ્સની બરસાત

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના એક દિવસીય પ્રવાસે પહોંચ્યા છે. સવારે તેઓ સુરત એરપોર્ટ પર ઉતરી હેલિકોપ્ટર મારફતે અંત્રોલી ગયા, જ્યાં બુલેટ ટ્રેન માટે તૈયાર થતી સ્ટેશન સુવિધાઓની મુલાકાત લઇ કામગીરીની સમીક્ષા કરી. બાદમાં તેઓ નર્મદા જિલ્લાના ડેડિયાપાડામાં યોજાનારી બિરસા મુંડાની 150મી જન્મજયંતિના રાજ્યવ્યાપી કાર્યક્રમમાં હાજરી આપવા રવાના થયા. પ્રધાનમંત્રી બપોરે દેવમોગરા મંદિરમાં દર્શન અને પ્રાર્થના કરશે તથા ત્યારબાદ ડેડિયાપાડામાં યોજાનારી વિશાળ સભામાં ભાગ લેશે. આ પ્રસંગે તેઓ ₹9,700 કરોડથી વધુના વિવિધ વિકાસ કામો, માળખાગત સુવિધાઓ, માર્ગ-પુલ પ્રોજેક્ટ્સ અને જનકલ્યાણ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. કાર્યક્રમ દરમિયાન તેઓ આદિવાસી સમાજ માટે સરકાર દ્વારા ચાલી રહેલી યોજનાઓ અંગે પણ સંબોધન કરશે. આજના પ્રવાસમાં થોડો ફેરફાર કરતા, પ્રધાનમંત્રી દિલ્હી પરત જતાં પહેલા સુરતમાં વસતા બિહારના નાગરિકોનું અભિવાદન ઝીલશે. સુરત એરપોર્ટ બહાર સાંજે 4 વાગ્યે લગભગ 10થી 15 હજાર લોકો PM મોદીના સ્વાગત માટે એકત્ર થવાની શક્યતા છે.

હવામાનની અનિશ્ચિતતા વચ્ચે સુરત તંત્ર દ્વારા PM માટે હેલિકોપ્ટર તેમજ બાય રોડ—બંને પ્રકારની મુસાફરીની વ્યવસ્થા તૈયાર રાખવામાં આવી છે. સમગ્ર પ્રવાસ દરમિયાન સુરક્ષા અને જનવ્યવહાર સુનિશ્ચિત કરવા તંત્રો સતત સમન્વયમાં કાર્યરત છે.

**PM મોદીની ગુજરાત મુલાકાતમાં ₹9,700 કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન**




## સિદ્ધાર્થ એક્સલેન્સ ટેરેસ પર આગ, અફરાતફરી સર્જાઈ

વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલી કોમર્શિયલ ઇમારત સિદ્ધાર્થ એક્સલેન્સના ટેરેસ પર ગત રાત્રે લાગેલી આગે અફરાતફરી મચાવી હતી. ટેરેસ પર રાખેલા ફર્નિચર સ્ક્રેપ મટીરિયલ અચાનક સળગતા ઘેરો ધુમાડો ઊઠ્યો હતો, જેને કારણે ઇમારત અને આસપાસના લોકોમાં ભયનો માહોલ સર્જાયો. ઘટનાની જાણ થતાં જ વાસણા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી પહોંચી હતી. એક ટીમે ઇમારતમાં રહેલા લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા અને બીજી ટીમે આગ કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી. આગમાં એક એસીનું આઉટડોર યુનિટ પણ સળગી ગયું હતું. સ્થાનિક સ્તરે ફટાકડાં ફોડાયા હોવાનું કહેવાય છે, પરંતુ ચોક્કસ કારણ અંગે તપાસ ચાલુ છે. ફાયર વિભાગની ઝડપી કામગીરીથી આગ વધુ ફેલાતી અટકાવવામાં આવી હતી. સદનસીબે કોઈ જાનહાનિ પહોંચી નથી.

## બેદરકાર ડ્રાઈવિંગના બે કિસ્સા: ડભોઈ અને કરજણમાં જીવલેણ અકસ્માત

ડભોઈ અને કરજણ પંથકમાં બનેલા બે ગંભીર માર્ગ અકસ્માતોથી સ્થળીય વિસ્તારમા શોકનું વાતાવરણ છવાઈ ગયું છે. પ્રાપ્ત માહિતી મુજબ, ડભોઈ–વડોદરા રોડ પર ભીલાપુર ગામની સીમમાં આઈશર ટ્રક (નં. GJ-06-AX-7094) ના ચાલકે બેદરકાર રીતે વાહન હંકારી મોટરસાયકલને અડફેટે લેતાં 75 વર્ષીય શનાભાઈ દલપતભાઈ વસાવાનું ઘટનાસ્થળે જ દુર્ભાગ્યજનક મૃત્યુ નીપજ્યું હતું. ઘટનાને પગલે પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

બીજી તરફ, કરજણ તાલુકાના વેમાર ગામે 13મી નવેમ્બરની રાતે પુરઝડપે દોડતી સ્પ્લેન્ડર મોટરસાયકલ (નં. GJ-06-QB-0066) એ પાર્થકુમાર નવનીતભાઈ પટેલ ચલાવી રહેલી મોટરસાયકલને ટક્કર મારી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે પાર્થકુમારને ગંભીર ઈજાઓ પહોંચી અને સારવાર દરમિયાન તેમનું મોત થયું. બંને બનાવોમાં પોલીસે અકસ્માતનાં કારણોની તપાસ શરૂ કરી છે અને માર્ગ સુરક્ષાને લઈને ફરી ચિંતાઓ ઊભી થઈ છે.

**ડભોઈ–કરજણમાં બે ગંભીર માર્ગ અકસ્માતે બેના જીવ ગયા**

## આમ્રપાલી અંડરબ્રિજ ગંદકીથી અકસ્માતનો ભય

રાજકોટના હૃદયસ્થિત આમ્રપાલી ફાટક અંડરબ્રિજની હાલત ચિંતાજનક બની છે. ટ્રાફિક સમસ્યા હળવી કરનારો આ બ્રિજ હવે જાળવણીના સંપૂર્ણ અભાવે જોખમી ઝોનમાં ફેરવાઈ ગયો છે. માવઠા બાદ દિવાલો અને ભૂગર્ભમાંથી સતત પાણી વહી રહ્યું છે, જે ટ્રાફિકના ધુમાડા અને ગંદકી સાથે મિશ્રિત થઈ ચીકાશમાં બદલાયું છે. સ્કૂટર ચાલકો થોડો પણ સંતુલન ગુમાવે તો સીધા સ્લીપ થઈ જવાનો ભય ઉભો થયો છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, અહીં નિયમિત સફાઈ તો દૂર, થોડા સમય પહેલાં કરાયેલી દિવાલ



સાફ કરવાની જાહેરાત પણ માત્ર કાગળ પર રહી છે. ગંદકી વધી રહી છે અને અકસ્માતની શક્યતા અનેકગણી થઈ ગઈ છે. નાગરિકો તંત્રની આંખ આગળ ચાલતી સમસ્યાને અવગણવા બદલ કડક નારાજગી વ્યક્ત કરી રહ્યા છે અને તાત્કાલિક સફાઈ તથા નિકાલની વ્યવસ્થાની માંગ ઉઠી રહી છે.

રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

## મોટા ખુંટવડામાં નેક્સોમ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા અનાજ કીટનું વિતરણ

મહુવાના મોટા ખુંટવડા ગામે નેક્સોમ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા ગરીબ, દિવ્યાંગ અને વૃદ્ધ પરિવારોને અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું. જીતેનભાઈ દેઢીયાના માર્ગદર્શન હેઠળ ઉમેશભાઈ મહારાજ (ઉકાદાદા) અને પત્રકાર રમેશ જીંજુવાડીયાના સહયોગથી આ સેવાકાર્ય યોજાયું હતું. ફાઉન્ડેશન દ્વારા ગામની પ્રસૂતા બહેનોને જરૂરી સહાયતા આપવાની પણ ખાતરી આપવામાં આવી. સ્થાનિકોએ આ માનવીય સેવાકાર્યને વખાણતાં આભાર વ્યક્ત કર્યો છે.

## ગાયકવાડની સદી: ભારત A એ દક્ષિણ આફ્રિકા A ને ૪ વિકેટે હરાવ્યું

રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાયેલી પ્રથમ બિન-ઓપચારિક વનડે મેચમાં ભારત A ટીમે દક્ષિણ આફ્રિકા Aને ચાર વિકેટે હરાવી જીતનો આરંભ કર્યો. દક્ષિણ આફ્રિકાએ પોટગીટરના 90 રનની ઇનિંગ્સ સાથે 286 રનનું સ્પર્ધાત્મક લક્ષ્ય આપ્યું હતું. જવાબી રનમાં ભારત Aના ઓપનર તુરાજ ગાયકવાડે 117 રનની શાનદાર સદી ફટકારી ટીમને મજબૂત સ્થિતિમાં મૂકી. બાદમાં મધ્યક્રમના બેટ્સમેનોના સંયમિત ખેલ સાથે ટીમે લક્ષ્ય સરળતાથી પાર કર્યું.

## રાજકોટ મનપા: જન્મ-મરણ દાખલા માટે લાઇન, સ્ટાફ ચૂંટણી કામમાં

રાજકોટ મહાનગરપાલિકાના સિવિક સેન્ટર ખાતે આજે જન્મ અને મરણના દાખલા માટે પ્રમાણપત્ર મેળવવા આવેલા નાગરિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો. સવારે જ અરજદારોની ભીડ વધી ગઈ હતી, પરંતુ 11માંથી 9 કર્મચારીઓને મતદાર યાદીની કામગીરીમાં ખસેડી દેતા કાઉન્ટર પર માત્ર બે કર્મચારીઓથી જ કામગીરી ચાલી રહી હતી. સ્ટાફની ગંભીર અછતને કારણે ફોર્મ ચકાસણી અને દાખલા ઇશ્યુ કરવાની પ્રક્રિયા ધીમી પડતાં લાંબી લાઈનો લાગી હતી. નાગરિકોમાં સેવા પ્રણાલીની ધીમી ગતિ અંગે અસંતોષ જોવા મળ્યો. રિપોર્ટ હાર્દિક ચંદારાણા

## બિહાર NDA વિજયથી રાજકોટ ભાજપ ઉત્સાહિત, નેતાઓએ પાઠવ્યા હાર્દિક અભિનંદન



માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભાજપ વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી તરીકે ઉભરી રહી છે. તાજેતરમાં બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDA ગઠબંધનને મળેલી બહુમતી જીત બાદ રાજકોટ શહેર ભાજપમાં ઉત્સાહ છવાયો હતો. શહેરના મુખ્ય આગેવાનો—ડો. ભરત બોઘરા, બિનાબેન આચાર્ય, પ્રકાશ સોની, ડો. માધવ દવે, પરશોતમ રૂપાલા, મોહન કુંડારીયા, રામભાઈ મોકરીયા સહિતના ધારાસભ્યો ભાનુબેન બાબરીયા, ઉદય કાનગડ, ડો. દર્શિતાબેન શાહ અને રમેશ ટીલાળાએ NDA નેતૃત્વને અભિનંદન પાઠવ્યા હતા. આગેવાનોનું માનવું છે કે બિહારમાં નવી સરકાર વિકાસને વધુ ગતિ આપશે અને આ વિજય દેશના નાગરિકોના ભાજપ પ્રત્યેના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વડોદરામાં પ્રોહિબિશન વિરુદ્ધ પોલીસની મોટી કાર્યવાહી

વડોદરા શહેર પોલીસે 13 નવેમ્બર 2025ના રોજ શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રોહિબિશન હેઠળ વ્યાપક ઓપરેશન ચલાવતાં કુલ 10 દારૂના કેસો નોંધી મહત્વપૂર્ણ કાર્યવાહી કરી છે. પોલીસે દેશી દારૂના 4 લીટર (કિંમત ₹800), તેમજ અંગ્રેજી દારૂની 24 બોટલ, 2641 ક્વાર્ટર અને 84 બીયર ટીનનો મોટો જથ્થો કબ્જે કર્યો હતો. સાથે જ મોપેડ 1, મોબાઇલ 2 અને ફોર-વ્હીલર 2 સહિત કુલ ₹13,20,298ના મુદ્દામાલનો જથ્થો પોલીસના કબજામાં આવ્યો છે. તપાસ દરમ્યાન પીધેલી હાલતમાં પકડાયેલા પાંચ સહિત કુલ 10 ઇસમોને અટક કરવામાં આવ્યા છે. શહેરમાં સતત મળી રહેલી દારૂની માહિતી અને વધતા કેસોને ધ્યાનમાં રાખીને પોલીસે આ ઓપરેશનને વધુ તીવ્ર બનાવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે પ્રોહિબિશનના નિયમોના કડક અમલ માટે આગળના દિવસોમાં વધારે ચેકિંગ અને સાવચેત કામગીરી હાથ ધરવામાં આવશે.

## નંદેસરી પોલીસે ૫૫ પેટી વિદેશી દારૂ ઝડપ્યો: ૨ મહિલા સહિત ૩ની ધરપકડ

વડોદરા શહેરમાં પ્રોહિ-જુગારની પ્રવૃત્તિઓ અટકાવવા શહેરના પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારની માર્ગદર્શિકા બાદ પ્રિવેન્શન ઓફ ક્રાઇમ બ્રાન્ચ (PCB)એ ખાસ ઝુંબેશ હાથ ધરતાં રણોલી વિસ્તારમાં દારૂની ડિલિવરીના એક કેસનો ભંડાફોડ કર્યો છે.

મળેલી ચોક્કસ માહિતીના આધારે PCBની ટીમે રણોલી, ભગવાન પાર્ક સોસાયટી નજીક ઓપરેશન ચલાવ્યું. તપાસમાં સામે આવ્યું કે રણોલી ગણેશનગરમાં રહેતા વિજયભાઈ ભગવાનભાઈ પરમાર પોતાના આર્થિક ફાયદા માટે પત્ની પાયલબેન અને સાસુ ગૌરીબેન મારફતે એમ.પી.માંથી દારૂ મંગાવતો હતો. મહિલાઓ રીક્ષામાં જથ્થો લાવી રહી હતી જ્યારે વિજય પરમાર નંબર પ્લેટ વગરની કાળી એક્ટિવા પર તેમનું પાયલોટિંગ કરી રહ્યો હતો.

ઓપરેશન દરમિયાન PCBએ ગૌરીબેન તુફાનભાઈ ભાભોર, પાયલબેન વિજયભાઈ પરમાર, રીક્ષા ચાલક હિતેષકુમાર પાટણવાડીયા અને બળદેવભાઈ ગોહીલને કસ્ટડીમાં લીધા.




તેમની પાસેથી વોડકા, બિયર સહિત કુલ ૧૨૧૯ નંગ દારૂ, કિંમત અંદાજે રૂ. ૩,૫૭,૬૨૦, તેમજ બે મોબાઇલ ફોન, બે રીક્ષા અને એક એક્ટિવા મળીને રૂ. ૫,૬૭,૬૨૦ નો મુદ્દામાલ જપ્ત થયો. આ કેસમાં વિજય પરમાર અને એમ.પી.થી સપ્લાય કરનાર પીટોલનો ઠેકેદાર હજી ફરાર છે અને તેમની શોધખોળ ચાલુ છે. પકડાયેલા ચારેય સામે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

## વડોદરા શહેરમાં ડ્રગ્સ મફિયાઓ સામે SOGની મોટી કાર્યવાહી, બે રીઢા આરોપીઓને PIT એક્ટ હેઠળ જેલભેગા




વડોદરા: શહેરમાં નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેપાર પર અસરકારક રીતે નાથ મૂકવા પોલીસે કડક વલણ અપનાવ્યું છે. પોલીસ કમિશ્નર શ્રી નરસિમ્હા કોમાર સાહેબના માર્ગદર્શન હેઠળ સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG)એ ફરી એક વખત આકરી કાર્યવાહી કરતા બે રીઢા આરોપીઓ સામે PIT NDPS એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગતો મુજબ, આરોપી અબ્દુલ ઇબ્રાહીમ પટેલ (રહે. તાંદલજા રોડ) વિરુદ્ધ જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં ગાંજાના મોટા જથ્થા સાથેના ત્રણ ગુના નોંધાયા છે, જેમાં લાખોની કિંમતનો દારૂ મળી આવ્યો હતો. બીજી તરફ, પરગટસિંગ ઉર્ફે પગ્ગા અજાયબસિંગ ભરત (રહે. રણોલી, મૂળ પંજાબ) વિરુદ્ધ જવાહરનગર અને વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં હેરોઈન સાથે ઝડપાઈ ચુક્યો છે. વારંવાર NDPS એક્ટ હેઠળ ઝડપી પડાયા બાદ જામીન પર છૂ ને તેઓએ ફરી ગેરકાયદેસર પ્રવૃત્તિ શરૂ કરી હતી. તેમની આ રીઢી ગુનાહિત હરકતોને ધ્યાનમાં રાખીને SOG પોલીસ ઇન્સ્પેક્ટર એસ.ડી. રાતડાની ટીમે PIT NDPS એક્ટની કલમ ૩(૧) હેઠળ અટકાયતનું પ્રપોઝલ ગાંધીનગર NDPS સેલમાં મોકલ્યું હતું. મંજૂરી મળતાં, તા. 13/11/2025ના રોજ અબ્દુલને ખાસ જેલ ભુજ ખાતે અને પરગટસિંગને ખાસ જેલ સુરત ખાતે મોકલવામાં આવ્યા છે. આ કાયદા હેઠળ વધુમાં વધુ બે વર્ષ સુધીની અટકાયતનો પ્રાવધાન છે. વર્ષ 2025 દરમિયાન વડોદરા SOG દ્વારા આવા 6 ઇસમો વિરુદ્ધ PIT એક્ટ હેઠળ પગલાં લેવાયા છે, જે શહેરમાં ડ્રગ્સના પકડમપાટિયા વેપારીઓને સ્પષ્ટ ચેતવણી સમાન છે

## પાલિતાણા વીરપુરથી ₹1.60 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

પાલિતાણા ટાઉન પોલીસે વીરપુર ગામની આંગણવાડીની બાજુમાં આવેલા એક મકાનમાં દારૂના જથ્થાની હકિકતને આધારે રેડ કરી હતી. કાર્યવાહી દરમ્યાન પોલીસે કુલ 800 નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી હતી, જેના બજાર મૂલ્યનું અંદાજિત મૂલ્ય ₹1,60,000 છે. રેડ દરમિયાન મુખ્ય શખ્સ સ્થળ પરથી નાસી છૂટતા તેનો શોધખોળ માટે જુદા જુદા એંગલેથી તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે ગુનો નોંધી જપ્ત થયેલા મુદ્દામાલ અંગે વધુ તપાસ આગળ ધપાવી છે અને સપ્લાય ચેઇન વિશે માહિતી એકત્રિત કરી રહી છે.

## વડોદરા ઝોન-3 પોલીસનું હોટલોમાં સર્પ્રાઇઝ ચેકિંગ

દિલ્હીના બ્લાસ્ટ બાદ દેશભરમાં જારી એલર્ટને પગલે વડોદરામાં સુરક્ષા સઘન બનાવાઈ છે. ઝોન-3ના DCP અભિષેક ગુપ્તાએ વિસ્તારમાં આવેલી હોટલો તથા ગેસ્ટહાઉસમાં અચાનક ચેકિંગ કર્યું. પોલીસે અહીં રોકાયેલા પ્રવાસીઓના ઓળખપત્રોની તપાસ કરી અને તેમની વિગતો 'પથિક' સોફ્ટવેરમાં યોગ્ય રીતે અપડેટ છે કે નહીં તેની ખાતરી કરી. ઉપરાંત, સીસીટીવી, એન્ટ્રી રજિસ્ટર અને સુરક્ષા નિયમોના પાલનની પણ વિશેષ ચકાસણી કરવામાં આવી હતી.

## MSU હોસ્ટેલની સમસ્યાઓ મુદ્દે ABVPનો વિરોધ

વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં ભાયલી ગામે થયેલા મારામારીના બનાવનો ગુનો નોંધાયો છે. તા.12/11/2025ના રોજ રાત્રે 21.30 વાગ્યે કાળભૈરવ મંદિર આગળ રોડ બાજુએ એક અજાણ્યા પુરુષ સાથે બોલાચાલી થતાં આરોપી અર્જુનભાઈ અંબાલાલ ચૌહાણે ગાળો બોલી તેના મોઢા અને પીઠ પર ગડદાપાટુનો માર માર્યો હતો. ઘટનાની જાણ બીજા દિવસે 13/11/2025ના સાંજે 16.05 વાગ્યે ફરિયાદી રમણભાઈ ઉર્ફે રમેશભાઈ બચુભાઈ પરમારે પોલીસ સ્ટેશને કરી હતી. પ્રાથમિક તપાસમાં વિવાદનું કારણ અજાણ્યા પુરુષની બકવાસ અને તણાવ હોવાનું સામે આવ્યું છે. પોલીસએ IPC–સંબંધિત નવી કલમો હેઠળ વધુ તપાસ શરૂ કરી છે.

## ફરાર આરોપીઓનો અંત, વડોદરા પોલીસે ચાર પકડી પાડ્યા

વડોદરા શહેર પોલીસે ફરાર આરોપીઓને શોધી કાઢવા માટે 14 નવેમ્બર 2025થી ચલાવેલી વિશેષ ઝુંબેશ હેઠળ મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. શહેરમાંથી નાસતા ફરતા અને લાંબા સમયથી કાયદાની પકડથી દૂર રહેલા વધુ ચાર આરોપીઓને વિવિધ રાજ્યોમાંથી ઝડપી પાડવામાં આવ્યા છે.

આ ઓપરેશન માટે શહેર પોલીસની ક્રાઇમ બ્રાન્ચે ઝોન-1, 2, 3 અને 4ના અધિકારીઓના સંકલનમાં છ ટીમો રચી હતી. ટીમોએ ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં રોકાઈને હ્યુમન ઈન્ટેલિજન્સ, ટેકનીકલ તપાસ અને સ્થાનિક સ્તરે વોચ રાખી કામગીરી હાથ ધરી. ગ્રામિણ વેશ, સ્થાનિક વાહનો અને સતત દેખરેખના આધારે આરોપીઓનું locate મેળવવામાં સફળતા મળી. પકડાયેલા આરોપીઓમાં રાજસ્થાનનો ઈદરીશ ઉર્ફે સમીર ખાન, જે બાપોદ વિસ્તારમાં 2021માં સગીરાના અપહરણ અને દુષ્કર્મના કેસમાં ફરાર હતો;












મધ્યપ્રદેશનો અંજય શુક્લા, જે 70 લાખથી વધુ રકમ ડબલ કરવાની લાલચના કેસમાં વોન્ટેડ હતો; ઉત્તરપ્રદેશનો ઈર્શાદ મુલ્લા, 2013ની ટ્રક ચોરીના કેસમાં 12 વર્ષથી નાસતો ફરતો; તેમજ ગોરવા વિસ્તારમાં Covid-19 જાહેરનામાના ભંગના ગુનામાં પાંચ વર્ષથી ફરાર વિકાસ કુમારનો સમાવેશ થાય છે. શહેર પોલીસ અત્યાર સુધી કુલ 15 ફરાર આરોપીઓને શોધી પકડી ચૂકી છે. સફળ કામગીરી બદલ ક્રાઇમ બ્રાન્ચ અને વિવિધ ઝોનની ટીમોને પ્રશંસા પાઠવવામાં આવી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## અકોટામાં બસચાલકની બેદરકારીથી વિદ્યાર્થીની ગંભીર રીતે ઘાયલ

વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં બસચાલકની ગફલતથી એક વિદ્યાર્થીની ગંભીર રીતે ઘાયલ થવાનો બનાવ સામે આવ્યો છે. 11 નવેમ્બર 2025ની સાંજે લગભગ 5:30 વાગ્યે યોગા સર્કલ નજીક હોકો રેસ્ટોરન્ટ પાસે ફૂટપાથ પર ઉભેલી 15 વર્ષીય સ્વરા પરાગ ધારકર ટ્યુશન પૂરી કરીને ઘરે જવા તૈયારીમાં હતી. તે દરમિયાન અંબીકા ટ્રાવેલ્સની GJ-23-AT-9981 નંબરની બસના ચાલકે ફુલ સ્પીડમાં બેદરકારીપૂર્વક બસ હંકારી સ્વરાને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં સ્વરાને કમરના ભાગે ફ્રેક્ચર સહિત ગંભીર ઇજાઓ પહોંચી હતી, જેના કારણે તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

પરિવારે આપેલી ફરિયાદ બાદ અકોટા પોલીસે 13 નવેમ્બર 2025ના રોજ ગુનો નોંધ્યો છે. પોલીસે બસચાલકની ભૂમિકા, સ્પીડ અને ઘટનાસ્થળના CCTV ફૂટેજ સહિત તમામ એંગલથી તપાસ શરૂ કરી છે.

## નંદેસરી પોલીસે ૫૫ પેટી વિદેશી દારૂ ઝડપ્યો: ૨ મહિલા સહિત ૩ની ધરપકડ

**વડોદરા:** વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અકબંધ જળવાઈ રહે અને કોઈપણ અનિચ્છનીય ઘટનાઓ ન બને તે સુનિશ્ચિત કરવા માટે શહેર પોલીસે અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કર્યો છે. પોલીસ કમિશ્નર સાહેબના સીધા સૂચના અને માર્ગદર્શન હેઠળ, વડોદરા શહેર પોલીસે તકેદારીના ભાગરૂપે ડ્રોન સર્વેલન્સ ઓપરેશન હાથ ધર્યું છે. આ ડ્રોન સર્વેલન્સ મુખ્યત્વે શહેરના વિવિધ GIDC (ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ) વિસ્તારો અને તેની આસપાસના સંવેદનશીલ વિસ્તારોને આવરી લે છે. ડ્રોનનો ઉપયોગ કરીને આ વિસ્તારોમાં હવાઈ નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

**ડ્રોન સર્વેલન્સનો હેતુ:**

- **તકેદારી અને સુરક્ષા:** GIDC જેવા મહત્ત્વના ઔદ્યોગિક એકમોની આસપાસની સુરક્ષા વ્યવસ્થાની ચકાસણી કરવી.



- **અસામાજિક તત્વો પર નજર:** કોઈ અસામાજિક તત્વો કે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ન થાય તેની ખાતરી કરવી.
- **સામુદાયિક શાંતિ જાળવવી:** કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે કોઈ સભા કે ભેગા થતા લોકો પર દૂરથી અને અસરકારક રીતે નજર રાખવી.
- **માર્ગદર્શન:** પોલીસ પેટ્રોલિંગ ટીમોને સ્થળ પરનું સચોટ અને તાત્કાલિક માર્ગદર્શન પૂરું પાડવું.

## ભાવનગરમાં નીતેશ પાંડેએ બે દિવસમાં 10 પોલીસકર્મી સસ્પેન્ડ



ભાવનગર જિલ્લામાં નવા જિલ્લા પોલીસ વડા તરીકે નિતેશ પાંડેની નિમણૂક બાદ જ તંત્રમાં ઝડપી પરિવર્તન જોવા મળી રહ્યું છે. ચાર્જ સંભાળ્યાના પ્રથમ જ દિવસથી તેમણે વિભાગની કાર્યપદ્ધતિ અને શિસ્ત અંગે સ્પષ્ટ સંદેશ આપી દીધો છે. સતત મળતી ફરિયાદો અને આંતરિક રિપોર્ટના આધારે બે દિવસમાં કુલ 10 પોલીસકર્મીઓ સામે સસ્પેન્શનની કડક કાર્યવાહી કરવામાં આવી છે.

આ પગલું અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ફરજ દરમ્યાન બેદરકારી, ગેરહાજરી, મોડું રિસ્પોન્સ અને શિસ્તભંગ જેવા ગંભીર મુદ્દાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યું છે. સૂત્રો જણાવે છે કે કેટલાક કર્મચારીઓ લાંબા સમયથી કામગીરીમાં લાપરવાહી દાખવી રહ્યા હતા. નવી વહીવટશૈલી હેઠળ SP પાંડેએ સ્પષ્ટ કર્યું છે કે જનસુરક્ષા અને જવાબદારીને પ્રાથમિકતા આપવામાં આવશે અને બેદરકારી માટે જગ્યાનું અભાવ રહેશે. સસ્પેન્શનની આ કાર્યવાહીથી પોલીસ બેડામાં ચર્ચા અને ચકચાર ફેલાઈ છે. ઘણા કર્મચારીઓસસ્પેન્શનની આ કાર્યવાહીથી પોલીસ બેડામાં ચર્ચા અને ચકચાર ફેલાઈ છે. ઘણા કર્મચારીઓ અનુસાર, SPનો આ અભિગમ વિભાગમાં શિસ્ત અને કાર્યક્ષમતા વધારવામાં અસરકારક સાબિત થશે. સાથે સાથે, jાહ્ymમાં પણ આ અભિગમને લઈ સકારાત્મક પ્રતિભાવ જોવા મળી રહ્યો છે, કારણ કે લાંબા સમયે બાદ કડક વહીવટી દેખરેખ લાગુ પડી છે. વહીવટના અંદરના સૂત્રો જણાવે છે કે આવતા દિવસોમાં કાર્યપ્રણાલી અને પ્રતિસાદ ક્ષમતા વધુ સુધારવા માટે વધારાના પગલાં લેવામાં આવી શકે છે. ભાવનગરમાં કાયદો-વ્યવસ્થા મજબૂત કરવા SPનું આ પહેલું મોટું એક્શન ગણાવવામાં આવે છે.

**રિપોર્ટ: જીશાન ખૂંટ**

## એરપોર્ટ સર્કલ પાસે બોલેરો કેમ્પરની ટક્કરે ઓડી કારને નુકસાન

વડોદરાના હરણી વિસ્તારમાં બેદરકારીપૂર્વક ડ્રાઈવિંગનો કેસ નોંધાયો છે. 13 નવેમ્બર 2025ના રોજ બપોરે લગભગ 12:05 વાગ્યે રાજસ્થાનના નિવાસી હિરારામ ઉગ્મારામ જાટ પોતાની બોલેરો કેમ્પર પુરઝડપે ગફલતભરી રીતે હંકારી એરપોર્ટ સર્કલ પર પહોંચ્યો હતો. તે દરમિયાન ફરિયાદી આકાંક્ષા સુનીલસિંગ પોતાની ઓડી કાર (GJ 06 JQ 9906) ટર્ન લેતી હતી, ત્યારે બોલેરો કેમ્પરે પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં કારના પાછળના બમ્પર અને અન્ય ભાગોને નુકસાન થયું હતું. હરણી પોલીસ સ્ટેશને ગુનો નોંધ્યો છે અને આગળની તપાસ શરૂ કરી છે.

## હરણી રોડ રોંગ સાઇડ બાઈક ટક્કર, એક્ટિવા નુકસાન

વડોદરાના હરણી વિસ્તારમાં રોંગ સાઇડ ડ્રાઈવિંગનો કેસ નોંધાયો છે. 14 નવેમ્બર 2025ના રોજ સવારે લગભગ 10:45 વાગ્યે બ્રાઇટ સ્કૂલની સામે રહેતા વિકી કનૈયાલાલ લખવાણી પોતાની મોટરસાઇકલ રોંગ સાઇડમાં ગફલતભરી રીતે હંકારી હરણી રોડ પર આવી પહોંચ્યા હતા. તે સમયે ફરિયાદી વિશ્વાબેન ગાંધી પોતાની એક્ટિવા લઈને રસ્તા પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે બાઈકચાલકે બેદરકારીપૂર્વક ટક્કર મારી હતી. અકસ્માતમાં એક્ટિવાની આગળની સાઇડને નુકસાન થયું હતું. હરણી પોલીસ સ્ટેશને ગુનો નોંધ્યો છે અને વધુ તપાસ શરૂ કરી છે.

## આયર્લેન્ડ વિઝા છેતરપિંડીમાં બે પર આરોપ નોંધાયો

વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા મજબૂત બનાવવા માટે પોલીસ દ્વારા નવી પહેલ હાથ ધરવામાં આવી છે. પોલીસ કમિશ્નરના માર્ગદર્શન હેઠળ શહેર પોલીસે ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કરી GIDC અને તેની આસપાસના વિસ્તારોમાં સુરક્ષા ચકાસણી માટે હવાઈ સર્વેલન્સ ચલાવ્યું. ડ્રોન પેટ્રોલિંગથી સંવેદનશીલ વિસ્તારોની રિયલ-ટાઈમ મોનિટરિંગ, ભીડ નિયંત્રણ અને શંકાસ્પદ હલચલ ઉપર ઝડપી કાર્યવાહી શક્ય બને છે. પોલીસે જણાવ્યું કે આગામી દિવસોમાં şehirના અન્ય ઝોનમાં પણ આ ટેક્નોલોજીનો ઉપયોગ વધારાશે.

## નંદેસરી GIDC વિસ્તારમાં મોબાઇલ ચોરીની ફરીયાદ નોંધાઈ

નંદેસરી પોલીસ સ્ટેશને મોબાઇલ ચોરીનો કેસ નોંધ્યો છે. ઘટનાની વિગતો અનુસાર, 4 ઑગસ્ટ 2025ના રોજ સવારે 11:15 થી 11:45 વચ્ચે નંદેસરી GIDC વિસ્તારમાં SBI બેંક નજીક ફરિયાદી સચીન રાધેશ્યામ ઠાકુરનો POCO X5 Pro 5G મોબાઇલ ગુમ થયો હતો. આશરે ₹21,000 કિંમતનો આ ફોન કોઈ અજાણ્યા ચોરે ચોરી લીધો હોય અથવા પડી કે ગુમ થયો હોય તેવી શંકા વ્યક્ત કરાઈ છે. ફરિયાદ બાદ નંદેસરી પોલીસ સ્ટેશને ગુનો નોંધ્યો છે અને મોબાઇલની શોધખોળ તેમજ CCTV ચકાસણી સહિતની તપાસ શરૂ કરી છે.









## રસ્તાના વિવાદે લીધી ઉગ્ર વળાંક: શિનોર અને વડોદરામાં હુમલા, અનેક ઘાયલ



શિનોર અને વડોદરા તાલુકામાં એક જ દિવસે બે અલગ-અલગ સ્થાને હિંસાની ઘટનાઓ સામે આવતા તણાવનું વાતાવરણ સર્જાયું છે. માહિતી મુજબ, શિનોર તાલુકાના કંજેઠા ગામે 14મી નવેમ્બરના રોજ સવારે લગભગ 9:15 વાગ્યે ખેતરમાં જવાના રસ્તાને લઈને થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. જીતસિંહ શિનોરા સહિત સાત લોકોએ ધારીયું, લાકડી અને લોખંડની પાઇપ જેવા હથિયારો વડે અનિરૂધ્ધસિંહ અટોદરીયા સહિત ચાર વ્યક્તિઓ પર હુમલો કર્યો હતો. ઘટનામાં કેટલાકને ઇજા થવા પામતા રાયોટિંગનો ગુનો નોંધાયો છે.

તેમજ વડોદરા તાલુકાના શેરખી ગામે રસ્તાની સફાઈ મુદ્દે થયેલા વિવાદે પણ મારામારીનું રૂપ ધારણ કર્યું. અહીં ધર્મેન્દ્રસિંહ પરમાર સહિત ચાર આરોપીઓએ ફરિયાદી પક્ષના લોકોને ધારીયા અને મુક્કા વડે ઇજા પહોંચાડ્યાનો આક્ષેપ છે. બંને બનાવોને લઈને પોલીસે કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## સમા વિસ્તારમાં યુવતીના અપહરણમાં ત્રણે સામે ફરિયાદ

વડોદરાના સમા વિસ્તારમાં 30 વર્ષીય યુવતી સાથે અપહરણ અને મારપીટનો ગંભીર બનાવ સામે આવ્યો છે. માહિતી અનુસાર, પીડિતાએ સ્પામાં સાથે કામ કરતી શિવાની મોરેને ₹5,000 ઉછીના આપ્યા હતા, પરંતુ વારંવાર માગણી છતાં રૂપિયા પરત ન મળતાં બંને વચ્ચે તણાવ ઉભો થયો હતો. 13 નવેમ્બરના રોજ શિવાની મોરે, તેના પતિ વક્કાર અને ફરજીન નામનો શખ્સ યુવતીને સ્પા નીચે બોલાવી બળજબરીપૂર્વક કારમાં બેસાડી અપહરણ કરી સુમસામ વિસ્તારમાં લઈ ગયા હતા. ત્યાં યુવતી સાથે મારપીટ કરાઈ હતી અને બાદમાં તેને તાંદલજા વિસ્તારમાં ગોંધી રાખવામાં આવી હતી. તક મળતાં પીડિતાએ 112 પર કૉલ કરી મદદ માંગી, જે બાદ પોલીસ સ્થળ પર પહોંચી યુવતીને મુક્ત કરાવી. સમા પોલીસ સ્ટેશને ત્રણેય સામે અપહરણ અને હુમલાનો ગુનો નોંધ્યો છે.

## વડોદરા: વરણામામાં ૧૦ ફૂટના મહાકાય મગરનું દિલધડક રેસ્ક્યૂ

વડોદરા: વડોદરા જિલ્લામાં મગરોના રહેણાંક વિસ્તારમાં આવવાના બનાવો વધતા જાય છે. આજે (૧૪ નવેમ્બર) વડોદરા પાસે આવેલા વરણામા ગામમાં ૧૦ ફૂટનો એક મહાકાય મગર દેખાતા લોકોમાં ભારે ભય અને દોડધામ મચી જવા પામી હતી.

વિશ્વામિત્રી નદીના પટ વિસ્તારમાં વસતા મગરો ઘણીવાર માઇગ્રેટ કરીને માનવ વસાહતોમાં આવી ચડે છે. વરણામા ગામમાં મહાકાય મગર આવવાની જાણ થતાં વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. વન વિભાગની ટીમે નીતિન પટેલ, લાલુ નિઝામા, સંજય રાજપૂત અને સુભાષ સહિતના સભ્યો દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન, મગરને કાબૂમાં લેવા માટે તેના ગળામાં ગાળિયો નાખવામાં આવ્યો. ગાળિયો નાખતા મગર રોષે ભરાયો હતો અને પાંજરે પૂરાય તે પહેલાં ફૂંફાડા મારતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. ભારે જહેમત બાદ આ ૧૦



ફૂટના મહાકાય મગરને પાંજરે પૂરીને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, વિશ્વામિત્રી નદીમાં હાલ ૪૦૦થી વધુ મગરો હોવાનો અંદાજ છે, જ્યારે સમગ્ર વડોદરા જિલ્લાની નદીઓ અને તળાવોમાં કુલ ૧,૦૦૦ કરતાં વધુ મગરો વસે છે. મગર Schedule-1 નું સંરક્ષિત પ્રાણી છે અને તેના હુમલામાં કોઈ વ્યક્તિનું મોત થાય તો સરકાર ₹ ૪ લાખનું વળતર ચૂકવે છે.

## બેઠકોમાં વ્યસ્ત કમિશનર હવે ફિલ્ડમાં: તરસાલી ખાતે રોડ પેચવર્કનું જાતે નિરીક્ષણ, 'વન મેન શો' ચર્ચામાં



વડોદરામાં મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ આજે અચાનક ફિલ્ડમાં ઉતરતા વહીવટી તંત્ર અને રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. સામાન્ય રીતે વહીવટી બેઠકોમાં વ્યસ્ત રહેતા કમિશનરે તરસાલી વિસ્તારમાં ચાલી રહેલા રોડના પેચવર્કનું ઓચિંતું નિરીક્ષણ કર્યું હતું. શહેરના નબળા રસ્તાઓ અંગે વધતી ફરિયાદોને ધ્યાનમાં રાખીને તેમણે પેચવર્કની ગુણવત્તા અને કામગીરીની ગતિનો જાતે જ તાગ લીધો. ખાસ વાત એ રહી કે આ મુલાકાત સંપૂર્ણપણે "વન મેન શો" જેવી રહી, જ્યાં કોઈ કોર્પોરેટર અથવા મ્યુનિસિપલ પદાધિકારી હાજર નહોતો. કમિશનરે કોન્ટ્રાક્ટર અને અધિકારીઓને ગડબડી ન કરવા, ગુણવત્તા સુધારવા અને કામગીરી ઝડપથી પૂર્ણ કરવાની કડક સૂચનાઓ આપી. સૂત્રો મુજબ, આવો ફિલ્ડ મોનિટરિંગ હવે નિયમિત રહેશે.

**રીપોર્ટર: મહેન્દ્ર સોલંકી**

**વડોદરા મ્યુ. કમિશનર અરુણ મહેશ બાબુએ તરસાલી રોડના પેચવર્કનું જાતે નિરીક્ષણ કર્યું. સ્થળ પર કોઈ પદાધિકારી હાજર નહીં.**

## MSU હોસ્ટેલની સમસ્યાઓ મુદ્દે ABVPનો વિરોધ

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટી હોસ્ટેલોમાં વિદ્યાર્થીઓને અવ્યવસ્થાનો સામનો કરવો પડી રહ્યો છે. ગરમ પાણી ન મળવું, ગંદું પીવાનું પાણી અને વોશરૂમની અપૂરતી સફાઈ જેવી સમસ્યાઓ સામે ABVPએ ચીફ વોર્ડનને આવેદનપત્ર સોંપ્યું છે. ગર્લ્સ હોસ્ટેલમાં મેલ સિક્યુરિટી ગાર્ડ અને મેસ સ્ટાફ દ્વારા છાત્રાઓને છેડતી કરવામાં આવી રહી હોવાનો પણ ગંભીર આક્ષેપ વિદ્યાર્થી સંગઠને કર્યો છે. ABVPએ તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગણી કરી છે

## વડોદરા: નહેરુ ભવન ખાતે ચાચા નહેરુને પુષ્પાંજલિ

વડોદરા શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શુક્રવાર, 14 નવેમ્બર 2025ના રોજ દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની જન્મજયંતિને યાદગાર બનાવવા કીર્તિસ્તંભ નજીક આવેલા નહેરુ ભવન ખાતે પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન નેહરુજીના કાર્ય, વિચારો અને રાષ્ટ્રનિર્માણમાં તેમના યોગદાનને યાદ કરવામાં આવ્યું. શહેર કોંગ્રેસના નેતાઓ, વરિષ્ઠ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તમામે નેહરુજીના પોર્ટ્રેટ પર પુષ્પાંજલિ અર્પણ કરી તેમને શ્રદ્ધાંજલિ આપી અને રાષ્ટ્રીય મૂલ્યોને જાળવવાનો સંદેશ આપ્યો.

## રાધા યાદવે BCA પ્રમુખ પ્રણવ અમીનની લીધી મુલાકાત

વડોદરા ક્રિકેટ એસોસિએશન ખાતે આજે ભારતીય મહિલા ક્રિકેટર રાધા યાદવે BCA પ્રમુખ પ્રણવ અમીનની સૌજન્ય મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન પ્રણવ અમીને રાધાની પ્રશંસા કરીને જણાવ્યું કે BCA યુવતીઓને ક્રિકેટ ક્ષેત્રે આગળ વધવા માટે પૂરતો સહયોગ અને જરૂરી સુવિધાઓ મળશે. રાધા યાદવે પોતાની શરૂઆતની ક્રિકેટ સફર માટે વડોદરા શહેર અને એલેમ્બિક ગ્રાઉન્ડનો આભાર વ્યક્ત કર્યો હતો. આ મુલાકાતને મહિલા ક્રિકેટના પ્રોત્સાહન માટે સકારાત્મક પગલું ગણવામાં આવી રહ્યું છે.

## અમદાવાદ-શામળાજી હાઇવે પર એક્ટિવા અકસ્માત, બે યુવકો ગંભીર

સાબરકાંઠા: અમદાવાદ-શામળાજી નેશનલ હાઇવે પર માર્ગ સુરક્ષાના નિયમોનો ભંગ અને બેદરકારીને કારણે ફરી એકવાર ગમખ્વાર અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળે છે. હાઇવે પર સલાલ ગામ નજીક એક એક્ટિવા પર ત્રણ યુવકો સવારી કરીને જઈ રહ્યા હતા, તે દરમિયાન અચાનક એક્ટિવાએ સ્લીપ ખાઈ જતાં ત્રણેય યુવકો જોરદાર રીતે રસ્તા પર પટકાયા હતા.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે, ત્રણમાંથી બે યુવકોને વધુ ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. જ્યારે ત્રીજા યુવકને નાની-મોટી ઇજાઓ થવા પામી હતી. અકસ્માત થતાં જ હાઇવે પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને તાત્કાલિક મદદ માટે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. અકસ્માતની જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા બંને યુવકો સહિત ત્રણેય યુવકોને તાત્કાલિક નજીકની હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલમાં ત્રણેય યુવકોની સારવાર ચાલી રહી છે, જેમાં બે યુવકોની ગંભીર હાલતને કારણે તબીબો દ્વારા તેમને સઘન નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. આ બનાવ અંગે સ્થાનિક પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. મોટરસાયકલ કે સ્કૂટર પર ત્રણ સવારી ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન છે અને જોખમી હોવા છતાં લોકો બેદરકારી દાખવી રહ્યા છે, જેના કારણે આવા અકસ્માતોની સંખ્યા વધી રહી છે.

બ્યુરો રિપોર્ટ: રોહિતસિંહ ચૌહાણ, સાબરકાંઠા




## CM પટેલે ગોંડલમાં નવી રીસર્ચ સુવિધા ખુલ્લી

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના પાટીદડ ગામ ખાતે વિમલ રીસર્સ સોસાયટીનું સંશોધન ભવન ઉદ્ઘાટિત કર્યું. તેમણે અદ્યતન એગ્રો બાયોટેક રીસર્ચ સેન્ટરની મુલાકાત લઈને આધુનિક સુવિધાઓ, પ્રયોગશાળાઓ અને કૃષિ આધારિત સંશોધન પ્રક્રિયાઓનું નિરીક્ષણ કર્યું. આ સેન્ટર ખેડુતોને વૈજ્ઞાનિક માર્ગદર્શન, નવી પાક જાતોના વિકાસ અને ઉત્પાદનક્ષમતા વધારવા માટે ટેકનિકલ સપોર્ટ પૂરો પાડશે. મુખ્યમંત્રીએ કૃષિ સંશોધનમાં ખાનગી સંસ્થાના યોગદાનની પ્રશંસા કરી અને આગામી સંશોધન પ્રોજેક્ટ્સ માટે શુભકામનાઓ પાઠવી.




સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫